આરબીઆઈ/2005-06/317
ડી એન બી એસ. પી ડી. સી સી. નં.64/03.10.042/2005-06

7 માર્ચ, 2006

પ્રતિ
તમામ એન બી એફ સી ટાથા આર એન બી સી,

સાહેબશ્રી,

**'આપના ગ્રાહકોને જાણો' - માર્ગદર્શિકા - એન્ટી મની લોન્ડરિંગના ધોરણો**

કૃપા કરી અમારા તા. 25 ફેબ્રુઆરી 2005નો પરિપત્ર ડીએનબીએસ. (પીડી) સીસી 48/10.42/2004-05ને ધ્યાનમાં લેશો. અ ા પરિપત્ર અનુસાર આરબીઆઈનાં બેંકિંગ ઓપેરેશન્સ તથા ડેવલપમેન્ટ ડી બી ઓ ડી વિભાગ દ્વારા એન બી એફ સી ને ગ્રાહક સ્વીકારનીતિ તથા (નવું ખાતું ખોલતાં પહેલાં) ગ્રાહકની ઓળખાણ માટેની પદ્ધતિ પાળવી એમ સૂચવેલ છે. એન બી એફ સીને, તેનાં ગ્રાહકોને લઘુત્તમ, મધ્યમ તથા ઉચ્ચ જોખમી તેવી કેટેગરીમાં વિભાજિત કરવાની પણ સૂચના આપેલ છે. ડી બી ઓ ડી પરિપત્ર તથા અમારા તા. 21 ફેબ્રુઆરી 2005નાં પરિપત્ર મુજબ `આપનાં ગ્રાહકને જાણો' માર્ગદર્શિકા પ્રમાણે એનબીએફસી ગ્રાહકોની ઓળખ તથા તેમનું સરનામું વગેરેની ચોકસાઈ એનેક્ષર IIમાં જણાવેલ દસ્તાવેજોને આધારે કરવી.

2. વ્યક્તિની ઓળખ માટેનું તથા સરનામાની ચોકસાઈ કરવા માટે જરૂરી દસ્તાવેજો માટે અલગ વિકલ્પો આપેલ છે. છતાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં ઓછી આવક ધરાવતી વ્યક્તિઓ કદાચ એન બી એફ સી ને તે પ્રમાણેનાં પુરાવાઓ રજૂ નહીં કરી શકે. આ જોતાં વધુ સરળ બનાવવા બાબતે જે વ્યક્તિઓ એનબીએફસીમાં તેમનું બેલેન્સ રૂ.50,000થી વધુ (તમામ ખાતાઓ ભેગાં કરી) અને તથા જે વ્યક્તિઓનાં બધાં જ એનબીએફસી ખાતાઅ ોમાંની કુલ જમા રાશી 1 વર્ષમાં રૂ.1,00,000/-થી વધે નહીં તેવી વ્યક્તિઓ માટે કે વાય સીની કાર્યપદ્ધતિ વધ સરળ બનાવવામાં આવશે.

3. જો કોઈ વ્યક્તિ ડીબીઓડી પરિપત્ર તથા તા. 21 ફેબ્રુઆરી 2005નાં પરિપત્ર મુજબ દસ્તાવેજો રજૂ ન કરી શકે, અને તે ખાતું ખોલાવવા ઇચ્છતો હોય તો એનબીએફસી ઉપરોક્ત ફકરા-II મુજબ જો નીચેનું શરતોનું પાલન થતું હોય તો તેવું ખાતું ખોલાવી શકશે.

(a) કેવાયસી ની તમામ કાર્યપદ્ધતિ પૂરી કરેલ ખાતેદાર દ્વારા ખાતું ખોલવા ઈચ્છિત વ્યક્તિની ઓળખાણ. ઓળખાણ આપનાર વ્યક્તિનું ખાતુ એનબીએફસીમાં ઓછામાં ઓછું 6 મહિના જૂનું હોવું જોઈએ અને તે ખાતામાં સંતોષકારક વ્યવહારો થયેલ જરૂરી છે. ઓળખાણ આપનાર વ્યક્તિએ ખાતું ખોલાવવા ઈચ્છિત વ્યક્તિની તસવીર તથા તેનાં રહેઠાણનાં સરનામાને પણ પ્રમાણિત કરવાનું રહેશે.

(b) એનબીએફસીનો સંતોષજનક લાગતી ઓળખ તથા સરનામાનો અન્ય કોઈ દસ્તાવેજી પૂરાવો.

4. ઉપરોક્ત પ્રમાણે ખાતું ખોલાવનાર વ્યક્તિને ખાતું ખોલાવતાં સમયે ખાસ જાણ કરવી કે, જો ક્યારે પણ તેનાં તમામ એનબીએફસી ખાતાઓનું બેલેન્સ રૂ.50,000/-થી વધશે અથવા તેનાં ખાતામાં જમા થયેલ રાશી રૂ.1,00,000/-થી વધશે તો ત્યારબાદ સંપૂર્ણ કેવાયસી કાર્યપદ્ધતિ પૂરી ન થાય ત્યાં સુધી તે ખાતામાં કોઈ પણ વ્યવહાર કરવા દેવામાં આવશે નહીં. આવા ગ્રાહકોને તકલીફ ન પડે તે માટે જ્યારે ખાતાનું બેલેન્સ રૂ.40,000થી વધુ થાય, અથવા વર્ષ દરમિયાન રૂ.80,000/- કે તેથી વધુ જમા રાશિ થાય ત્યારે એનબીએફસીએ તેને જાણ કરી દેવી કે જે થી કેવાયસી મુજબનાં યોગ્ય દસ્તાવેજી પુરાવા નહીં આપે, તો તેનાં ખાતામાંનાં તમામ વ્યવહારો જ્યારે તેના ખાતામાંનું બેલેન્સ રૂ.50,000 કે તેથી વધુ થશે, અથવા તેનાં તમામ ખાતાઓમાંની જમારાશિ રૂ.1,00,000થી વધશે ત્યારે બંધ કરી દેવામાં આવશે.

5. તમામ એનબીએફસીઓને સલાહ છે કે તેઓ ઉપરોક્તને લગતી સૂચનાઓ તેમની તમામ શાખાઓને આપી દે.

આપનો વિશ્વાસુ

સહી/-
(પી. ક્રિષ્નામૂર્થિ)
કાર્યકારી મુખ્ય મહાપ્રબંધક